

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 295
Dt.: 31-08-2025, Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

# ચીનના તિયાનજિન પહોંચેલા પીએમ મોદીનું રેડ કાર્પેટ પર ઉષ્માભર્યું સ્વાગત

## SCO શિખર સંમેલનમાં ભાગ લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજિંગ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાપાન બાદ શનિવારે ચીન પહોંચી ગયા છે. જાપાનથી સીધા ચીનના તિયાનજિન પહોંચેલા પીએમ મોદીનું રેડ કાર્પેટ પર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. અહીં તેઓ ત્યેનજિન શહેરમાં ૩૧ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી યોજાનારા શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનમાં સામેલ થશે. આ ઉપરાંત ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે અલગ અલગ દ્વિપક્ષીય વાર્તા પણ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લગભગ ૭ વર્ષ પછી ચીન ગયા છે. વર્ષ ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ચીની સૈનિકો અને ઈંડિયન આર્મી વચ્ચે થયેલી હિંસક અથડામણ બાદ પીએમ મોદીની આ પ્રથમ ચીનની મુલાકાત છે. તો વળી રશિયન ઓયલ ખરીદવા પર ભારતના માથે અમેરિકા દ્વારા ૫૦ ટકા ટેરિફ લગાવ્યા બાદ આ પહેલી વાર હશે, જ્યાં ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એક સાથે હાજર રહેશે. આ અગાઉ પ્રધાનમંત્રી મોદીએ ટોક્યોમાં શુક્રવારે પોતાના જાપાની સમકક્ષ શિગેરુ ઈશિબા સાથે ૧૫મી ભારત-જાપાન શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. જેનો ઉદ્દેશ્ય બંને દેશોના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ પર પહોંચાડવાનો હતો. આ દરમ્યાન તેમણે ચાર ફેક્ટરીઓની મુલાકાત લીધી, જેમાંથી એકમાં ઈ૧૦ શિંકાનસેન બુલેટ ટ્રેનોનો પ્રોટોટાઈપ બનાવવામાં આવી રહ્યો છે. ભારતનો પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈ સ્પીડ રેલ કોરિડોર પર આ ટ્રેન સેટ ચાલવાની આશા છે. આ સમિટમાં વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે, જેમાં આતંકવાદ સામે લડવા અને વેપાર સંબંધોને મજબૂત કરવાના મુદ્દાઓ મુખ્ય રહેશે.

ભારતમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગે ગુરુવારે કહ્યું હતું કે, 'SCO સમિટ માટે PM મોદીની ચીન મુલાકાત બંને દેશો વચ્ચેના સમિટ અને દ્વિપક્ષીય સંબંધો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ચીન PM મોદીની આ મુલાકાતને ખૂબ મહત્ત્વ આપે છે. PMની ચીન મુલાકાત માત્ર SCO માટે જ નહીં, પરંતુ બંને દેશોના દ્વિપક્ષીય સંબંધો માટે પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઘટના છે. ચીન અને ભારતનું એક કાર્યકારી જૂથ આ મુલાકાતને સફળ બનાવવા માટે તૈયારી કરી રહ્યું છે.'




### કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને ટેરિફ મામલે મોટો ઝટકો આપ્યો

# ડોનાલ્ડ ટ્રમ્પ તો ઘરમાં જ ઘેરાયા, US અપીલ કોર્ટે ટેરિફને કહ્યો ગેરકાયદેસર

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ભારે ટેરિફ પર ત્યાંની કોર્ટે મોટો ફટકો આપ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ૧૯૭૭ના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA)નો ઉપયોગ કરીને અન્ય દેશોમાંથી આવતા ઉત્પાદનો પર આયાત ડ્યુટી (ટેરિફ) લાદી હતી. તેમણે દાવો કર્યો હતો કે અમેરિકાની સતત વધતી જતી વેપાર ખાધ રાષ્ટ્રીય કટોકટી છે અને તેના આધારે તેમણે લગભગ તમામ વેપાર ભાગીદાર દેશો પર ભારે ટેરિફ લાદી હતી.

ટેરિફ-ટેરિફનો પોકાર કરનારા ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના જ ઘરમાં ઘેરાઈ ગયા છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ઝટકો લાગ્યો છે. યુએસ અપીલ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા છે. યુએસ ફેડરલ અપીલ કોર્ટે શુક્રવારે ચુકાદો આપ્યો હતો કે કટોકટીની સત્તા હેઠળ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા મોટાભાગના ટેરિફ ગેરકાયદેસર છે. યુએસ કોર્ટના આ નિર્ણયને ટ્રમ્પની વેપાર નીતિ પર સીધો હુમલો માનવામાં આવી રહ્યો છે અને હવે આ મામલો સુપ્રીમ કોર્ટમાં જઈ શકે છે. હવે પ્રશ્ન એ છે કે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ ગેરકાયદેસર છે, તો પછી કોર્ટના નિર્ણય પછી પણ તે કેમ લાગુ પડે છે? છેવટે, કોર્ટના નિર્ણયમાં સમસ્યા ક્યાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ માટે હજુ પણ કઈ રીતે થોડી રાહત બાકી છે? આ સમજવા માટે, પહેલા આપણે યુએસ કોર્ટ ઓફ અપીલ્સનો નિર્ણય અને તેની ટિપ્પણીઓને સમજવી પડશે. ખરેખર, યુએસ કોર્ટ ઓફ અપીલ્સ ફોર ધ ફેડરલ સર્કિટ માને છે કે ટ્રમ્પ ટેરિફ લાદવાનો હકદાર નથી. કોર્ટે કહ્યું કે યુએસ રાષ્ટ્રપતિ પાસે કટોકટીની સત્તા છે, પરંતુ તેમને ટેરિફ અથવા કર લાદવાનો અધિકાર નથી. કોર્ટે કહ્યું કે ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ પોતાની મર્યાદા આગળ વધારી છે. ૧૯૭૭નો આ કાયદો પરંપરાગત રીતે પ્રતિબંધો અને સંપત્તિ જપ્તી માટે ઉપયોગમાં લેવાય છે. ફક્ત કોંગ્રેસ પાસે ટેરિફ લાદવાની ક્ષમતા છે. કોર્ટે ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા, પરંતુ રાહત આપી. એટલા માટે ટેરિફ હજુ પણ અમલમાં છે અને અમલમાં રહેશે. યુએસ કોર્ટ ઓફ અપીલ્સ ફોર ધ ફેડરલ સર્કિટે ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને ૧૪ ઓક્ટોબર સુધી યથાવત રાખવાની મંજૂરી આપી છે. આથી ટ્રમ્પ વહીવટીતંત્રને આ મામલો સુપ્રીમ કોર્ટમાં લઈ જવાની તક મળી છે. હવે જ્યારે યુએસ કોર્ટે પોતે ટ્રમ્પને ૧૪ ઓક્ટોબર સુધી રાહત આપી છે, ત્યારે ટેરિફ સમાપ્ત કરવાનો કોઈ કેસ નથી. હવે ટ્રમ્પ વહીવટીતંત્ર આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જશે. તેમને ખાતરી છે કે તેઓ ત્યાં જીતશે.


યુએસ કોર્ટનો આ નિર્ણય ટ્રમ્પની આર્થિક નીતિઓ માટે મોટો ઝટકો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફને તેમની પ્રતિષ્ઠા સાથે જોડી દીધો છે. આ જ કારણે તેમણે કોર્ટને જ પક્ષપાતી ગણાવી છે. તેમણે આ નિર્ણયને ખોટો ગણાવ્યો છે અને કહ્યું છે કે આ નિર્ણયથી અમેરિકાનો નાશ થશે. આ એક વિનાશક નિર્ણય છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર કહ્યું કે ટેરિફ હજુ પણ અમલમાં છે અને તેઓ તેને સુપ્રીમ કોર્ટમાં પડકારશે. અપીલ કોર્ટે પણ રાહત આપી છે - તેણે ટેરિફ તાત્કાલિક દૂર કરવાના આદેશને નકારી કાઢ્યો છે, જેનાથી ટ્રમ્પ વહીવટીતંત્રને યુએસ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો સમય મળ્યો છે. જો સુપ્રીમ કોર્ટ પણ આ ટેરિફને ગેરબંધારણીય જાહેર કરે છે, તો ટ્રમ્પ વહીવટીતંત્રને અબજો ડોલરનું નુકસાન સહન કરવું પડી શકે છે, કારણ કે સરકારે પહેલાથી જ લાદવામાં આવેલા ટેરિફ પાછા આપવા પડી શકે છે. ફક્ત જુલાઈ સુધીમાં, સરકારે ટેરિફથી ઈં૧૫૯ બિલિયનની કમાણી કરી હતી. નિષ્ણાતો માને છે કે આ નિર્ણય ટ્રમ્પની ભાવિ વ્યૂહરચના પર પણ અસર કરશે. અત્યાર સુધી તેઓ વિદેશી દેશો પર દબાણ લાવવા માટે ટેરિફનો ઉપયોગ હથિયાર તરીકે કરતા આવ્યા છે. પરંતુ જો અદાલતો આ અધિકારને મર્યાદિત કરે છે, તો તેમની પાસે ફક્ત મર્યાદિત વિકલ્પો જ બચશે, જેમ કે ૧૯૭૪નો વેપાર અધિનિયમ (જેમાં મહત્તમ ૧૫% અને ૧૫૦ દિવસ માટે ટેરિફ લાદી શકાય છે) અથવા ૧૯૬૨નો વેપાર વિસ્તરણ અધિનિયમ, જેના હેઠળ વાણિજ્ય વિભાગ દ્વારા તપાસ કર્યા પછી જ ટેરિફ લાદી શકાય છે.

### રાજનાથ સિંહે આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો

# ટેરિફ વૉર વચ્ચે રાજનાથ સિંહે અમેરિકાને સંભળાવી ખરી-ખોટી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવી રહેલા ટેરિફ અને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ન ખરીદવા માટે વધી રહેલા દબાણ વચ્ચે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો છે. રાજનાથ સિંહે કહ્યું છે કે, ભારત કોઈને પોતાનો દુશ્મન માનતું નથી. આ અંગે રાજનાથ સિંહે કહ્યું કે, કોઈ કાયમી મિત્ર કે દુશ્મન હોતો નથી, માત્ર કાયમી હિતો હોય છે. ભારત માટે પોતાના ખેડૂતો અને ઉદ્યોગસાહસિકોના હિતો જ સૌથી મહત્ત્વપૂર્ણ છે. આત્મનિર્ભરતા માત્ર લાભ જ નહીં, પરંતુ એક જરૂરિયાત બની ગઈ છે.




રાજનાથ સિંહ એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ઘણી મહત્ત્વની ટિપ્પણીઓ કરી. તેમણે કહ્યું કે, આજે દુનિયા એટલી ઝડપથી બદલાઈ રહી છે કે દરરોજ આપણી સામે નવા પડકારો આવીને ઊભા રહે છે. આત્મનિર્ભરતાને પહેલા માત્ર વિશેષાધિકાર તરીકે જોવામાં આવતી હતી, પરંતુ આજે તે અસ્તિત્વ ટકાવી રાખવા અને પ્રગતિ માટેની શરત છે. આત્મનિર્ભરતા આપણા અર્થતંત્ર અને આપણી સુરક્ષા બંને માટે જરૂરી છે.

ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, આ થોડા દિવસોનું યુદ્ધ ભલે ભારતની જીત અને પાકિસ્તાનની હાર દર્શાવતું હોય, પરંતુ તેની પાછળ વર્ષોની વ્યૂહાત્મક તૈયારી છુપાયેલી છે. આપણી સેનાઓએ પણ વર્ષોની તૈયારી, સખત મહેનત અને સ્વદેશી ઉપકરણો સાથે પસંદ કરેલા લક્ષ્યો પર અસરકારક કાર્યવાહી કરી છે.

## ઉત્તરાખંડમાં વાદળ ફાટવાથી પાંચ લોકોના મોત, ૧૧ વ્યક્તિની ભાળ મળતી નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર,

ઉત્તરાખંડના વિવિધ વિસ્તારોમાં વાદળ ફાટવાની ઘટનામાં પાંચ વ્યક્તિનાં મોત નીપજ્યાં છે અને ૧૧ વ્યક્તિ ગુમ થયા હતા. શુક્રવારે બપોર સુધીમાં વરસાદના કારણે મનાલી શહેરનો જમણો કાંઠો પાણીથી ધોવાઈ ગયો હતો અને સમગ્ર શહેર બેટમાં ફેરવાયું હોય તેવી સ્થિતિ હતી. જમીન ધસી જવાના કારણે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે સતત ચોથા દિવસે પણ વાહનવ્યવહાર માટે બંધ રખાયો હતો. પંજાબના પટિયાલા જિલ્લા તંત્ર દ્વારા ઘાગ્ગર નદી નજીક નીચાણવાળા ગામો માટે એલર્ટ જાહેર કરી છે. મહારાષ્ટ્રમાં એકધારા વરસાદના કારણે લાતુર અને નાંદેદ જિલ્લામાં શાળાઓ બંધ રખાઈ છે અને રાહત કામગીરી શરૂ કરવા લશ્કરને વિનંતી કરાઈ છે. લશ્કર ઉપરાંત અનેક સંસ્થાઓ બચાવ કામગીરીમાં લાગી છે. ૧૦,૦૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. ઉત્તરાખંડમાં વાદળ ફાટવાના કારણે સંખ્યાબંધ ઘરો ધોવાઈ ગયા છે અને ઘણાં ઘરો દબાઈ ગયા છે. ૨૩ ઓગસ્ટે તેહરાલિ જિલ્લામાં પવર્તીય હોનારતની સૌથી વધુ અસર ચમોલી, રુદ્રપ્રયાગ, તેહરી અને બાગેશ્વર જિલ્લામાં વરતાઈ છે. ૫ ઓગસ્ટે ઉત્તરકાશી જિલ્લાની ખીર ગંગા નદીમાં આવેલા પૂરના કારણે ગંગોત્રી માર્ગના ધારાલીમાં અડધા જેટલો વિસ્તાર સપાટ થઈ ગયો છે.

# બ્રિટનમાં ટેક્સચોરી કેસમાં આરિફ પટેલને ૯ કરોડ પાઉન્ડ ચૂકવવા આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

બનાવટી ડિઝાઈનર વસ્ત્રોની તરકટી આયાત-નિકાસ કરી મની લોન્ડરિંગ કરનારાં ૫૭ વર્ષના ભારતીય મૂળના આરિફ પટેલને ૯૦ મિલિયન પાઉન્ડની રકમ પરત કરવાનો આદેશ ગુરૂવારે ચેસ્ટર ક્રાઉન કોર્ટે આપ્યો હતો. આ રકમ વસૂલ કરવા માટે ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ તેની સંપત્તિને વેચી શકશે. અગાઉ યુકેમાં કરચોરી કરવા બદલ એપ્રિલ ૨૦૨૩માં આરિફ પટેલને તેની ગેરહાજરીમાં ખટલો ચલાવી વીસ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી હતી. જુલાઈ ૨૦૧૧ માં દુબઈ નાસી ગયેલો આરિફ પટેલએ પછી કદી યુકે પાછો ફર્યો નથી. ચીફ ક્રાઉન પ્રોસિક્યુટર એડ્રિયાન ફોસ્ટરે જણાવ્યું હતું કે ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ-સીપીએસ-હીઝ મેજેસ્ટીઝ રેવન્યુ એન્ડ કસ્ટમ્સ - એચએમઆરસી તથા લેક્રેશાયર પોલીસે એકમેક સાથે સહકાર સાધી એવી જડબેસલાક વ્યવસ્થા કરી છે કે આરિફ પટેલ તેના બનાવટી વસ્ત્રોના કૌભાંડ અને ખોટાં વેટ ક્લેઈમ દ્વારા મેળવેલાં નાણાં પોતાની પાસે ન રાખી શકે. આરિફ પટેલે ૯૦ મિલિયન પાઉન્ડથી વધારે રકમ પરત કરવી જ પડશે અથવા તેની મૂળ કેદની સજામાં વધારો કરવામાં આવશે. સીપીએસ દ્વારા કોન્ફિસિકેશન ઓર્ડર મેળવવામાં આવ્યો હોઈ તેની પાસેથી લેણી નીકળતી રકમ પરત મેળવવા તેની સંપત્તિને વેચી શકાશે. યુકેના પ્રોસિક્યુટર્સના જણાવ્યા અનુસાર પટેલ અને તેની ૨૬ જણાંની ટોળકીએ કાપડની તથા મોબાઈલ ફોન્સની બનાવટી નિકાસ બતાવી બનાવટી વેલ્યુએડેડ ટેક્સ-વેટ-દ્વારા બ્રિટિશ સરકાર પાસેથી ૩૩.૪ મિલિયન પાઉન્ડ તફડાવી લીધાં હતા. તેમણે ખોખાં કંપનીઓની ચેઈન બનાવી ૧૯.૧૯ મિલિયન પાઉન્ડના બનાવટી ડિઝાઈનર્સ વસ્ત્રોની આયાત કરી તેનું વેચાણ દર્શાવ્યું હતું. આ રીતે મેળવેલાં નાણાં દ્વારા ઓફશોર બેંક એકાઉન્ટ ખોલાવી તેમાંથી પ્રેસ્ટન અને લંડનમાં સંપત્તિઓ ખરીદવામાં આવી હતી તેમ સીપીએસે જણાવ્યું હતું. ખોટાં હિસાબો દર્શાવવા, સરકારને છેતરવી અને મની લોન્ડરિંગના ગુનાસર આરિફ પટેલને ૨૦૨૩ માં ગુનેગાર ઠેરવવામાં આવ્યો હતો. એચએમઆરસીના ડાયરેક્ટર રિચાર્ડ લાસે જણાવ્યું હતું કે આરિફ પટેલ લોકોના ખર્ચે વૈભવી ઠાઠથી રહેતો હતો પણ હવે તેણે ગુનાઈત પ્રવૃત્તિઓ દ્વારા ઉભું કરેલું સંપત્તિનું સામ્રાજ્ય ગુમાવવું પડશે.

### નાસભાગમાં ૧૧ લોકોના મોત થઈ ગયા હતા

# બેંગલુરુ નાસભાગ કેસ: RCBએ સહાયની રકમમાં કર્યો વધારો

### પીડિત પરિવારોને આરસીબી તરફથી ૨૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ફ્રેન્ચાઈઝી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ શનિવારે સોશિયલ મીડિયા પર મોટી જાહેરાત કરી છે. ટ્રોફી જીત્યા બાદ ફેન્સ ટીમ સાથે ઉજવણી કરવા એકઠા થયા હતા. ચિન્નાસ્વામી સ્ટેડિયમ બહાર લોકોની સંખ્યા એટલી વધી ગઈ, ભીડને કાબૂ કરવી મુશ્કેલ બની ગઈ અને નાસભાગમાં ૧૧ લોકોના મોત થઈ ગયા. ત્યારે હવે પીડિત પરિવારોને આરસીબી તરફથી ૨૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. ૪ જૂન ૨૦૨૫ના રોજ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ બહાર નાસભાગમાં આ તમામે પોતાનો જીવ ગુમાવ્યો હતો. આરસીબી તરફથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરવામાં આવી છે, જેમાં લખ્યું કે, ૪ જૂન ૨૦૨૫ના રોજ અમારું દિલ તૂટ્યું હતું. આપણે આરસીબી પરિવારના ૧૧ સભ્યોને ગુમાવી દીધા હતા, જે આપણો ભાગ હતા. તેની અનુપસ્થિતિ આપણા બધાની સ્મરણોમાં ગુંજતી રહેશે. કોઈપણ સહયોગ તેના દ્વારા છોડવામાં આવેલી જગ્યાને ક્યારેય ભરી શકશે નહીં. પરંતુ પહેલા પગલાં તરીકે અને સન્માન સાથે, આરસીબીએ તેના પરિવારોને ૨૫-૨૫ લાખ રૂપિયા સહાય રકમ આપી છે. માત્ર આર્થિક મદદ તરીકે નહીં, પરંતુ એકતા, નિરંતર સારસંભાળના વાયદા તરીકે. આરસીબી તરફથી જણાવાયું કે, આ આરસીબી કેયર્સની પણ શરૂઆત છે. આ અંગે વધુ જાણકારી પછી આપવામાં આવશે. નોંધનીય છે કે, ૧૭ વર્ષ સુધી લાંબી રાહ જોયા પછી ઈઝમ્એ ૩ જૂને અમદાવાદમાં IPLની ટ્રોફી જીતી હતી. ૪ જૂને બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વિક્ટ્રી પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સ્ટેડિયમની બહાર ફેન્સની ભીડ વધી ગઈ, જેના કારણે નાસભાગ મચી ગઈ. આ દુર્ઘટનામાં ૧૧ લોકોના મોત થયા. જ્યારે આશરે ૫૦ લોકો ઘાયલ થયા હતા.

કર્ણાટક સરકારે આ માટે આરસીબી અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને જવાબદાર માની હતી. આ કેસની તપાસ હજુ પણ ચાલી રહી છે.



# તંત્રી લેખ......

## ગણેશ ઉત્સવમય મુંબઈ

ગણેશોત્સવ શરૂ થઈ ચૂક્યો છે. મહાનગર મુંબઈ ગણેશભક્તિ અને રાજકીય શક્તિનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. સેક્યુલરવાદનો પ્રચાર અને વિરોધ કરનારા સૌ ‘બાપ્પા મોરિયા’ના મંત્રોચ્ચારમાં જોડાય છે, ત્યારે રાજકીય સૂત્રોચ્ચારને સ્થાન હોતું નથી, હોવું નહીં જોઈએ, પણ ગણેશોત્સવ રાજકીય ઉત્સવ બની રહ્યો છે! સામાન્ય રીતે મોટી કંપનીઓ અને બિલ્ડરો પાસેથી ફંડ-ફાળાની મોટી રકમ મળતી હોય છે, પણ હવે રાજકીય પક્ષો અને નેતાઓ ગણેશમંડળોના ફાઈનાન્સિયરની ભૂમિકામાં આવી રહ્યા છે. ગણેશોત્સવમાં બાપ્પાનાં દર્શન કરવા લાખ્ખો દર્શનાર્થી મુંબઈ આવતા હોય છે. એમને દેવદર્શન સાથે રાજકીય શક્તિનું પ્રદર્શન પણ જોવા મળે છે! મુંબઈમાં ગણેશમંડળો શિવસેનાનાં શક્તિ કેન્દ્રો રહ્યાં છે. વર્ષ ૧૯૬૦માં શિવસેનાની વિધિસર સ્થાપના થઈ ત્યારથી ગણેશમંડળોમાં બાળાસાહેબ ઠાકરેનું પ્રભુત્વ રહ્યું છે. રાજકારણમાં પણ સક્રિય કાર્યકરો બન્યા અને મુંબઈ સુધરાઈની ચૂંટણીમાં શિવસેનાનો ઝંડો ફરકતો રહ્યો, પણ વર્ષ ૨૦૨૨માં શિવસેનામાં ભંગાણ પડયા પછી એકનાથ શિંદે સેના અને ભાજપ પણ મંડળોમાં સક્રિય બન્યા. હવે ‘બન્ને સેના’ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. શિંદે સેના અને ભાજપ માટે આ અવસર પડકાર છે - પ્રભાવ વધારીને સુધરાઈની ચૂંટણીમાં સાબિત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ગણેશોત્સવ કોઈ એક પક્ષનો ઈજારો નથી - ગણેશજી અમારા પણ છે એમ બતાવવાની સ્પર્ધા પૂરજોશમાં છે. મુંબઈમાં આશરે ૧૪ હજાર ગણેશમંડળ છે. રાજકીય પક્ષો અને નેતાઓ હોય ત્યારે કંપનીઓ અને બિલ્ડરોની હાજરી પાંખી બની જાય તે સ્વાભાવિક છે. ભાજપ-શિંદે સેનાનો દાવો છે કે, મુંબઈનાં મોટા ભાગનાં મંડળો અમારી સાથે છે. પંડાલ બાંધવાની પરવાનગી તથા ઉત્સવની અન્ય તૈયારીમાં પણ સરકારી મદદ આસાનીથી આપી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગણેશોત્સવને ‘રાજ્યનો ઉત્સવ’ જાહેર કર્યો છે તે પણ નોંધપાત્ર છે. બીજી બાજુ, ઉદ્ધવ સેનાના પ્રવક્તા કહે છે કે, મની પાવર અને સરકારી સત્તાનો ઉપયોગ શાસક પક્ષો કરી રહ્યા છે, પણ મંડળના કાર્યકરો - ગણેશ ભક્તોની વફાદારી - ઉદ્ધવ સેના સાથે છે. મુંબઈમાં આવનારા દર્શનાર્થીઓ ગણેશદર્શન પહેલાં મુંબઈના માર્ગોમાં પડેલા ખાડાનાં દર્શન કરશે. ઠેર-ઠેર કચરાના ઢગલા ખડકાયા છે તે સાફ કરવાની ફુરસદ નથી તેથી ઉત્સવ ઝંખવાય છે.

ચૂંટણીની જેમ ધાર્મિક - સાંસ્કૃતિક અવસરમાં પણ નાણાં - મની પાવરની બોલબાલા હોય જ. રાજ્યના સામાજિક ન્યાયના પ્રધાન સંજય શિરસાટે નવો ‘ધડાકો’ કર્યો છે. મંડળોને કહ્યું છે કે, તમારી પાસે પૈસા ખૂટે તો મારી બેગ ખુલ્લી છે - ચિંતા કરશો નહીં! હવે આ ‘ઓફર’થી એમની ‘બેગ’નો જૂનો વિવાદ ફરી શરૂ થયો છે. એમણે ‘બેગ ખુલ્લી’ હોવાની ઓફર - જાહેરાત કરીને ગણેશભક્તોને આંચકો અને વિરોધીઓને ‘મુદ્દો’ પૂરો પાડયો છે. બન્ને સેનાની સ્પર્ધામાં બાપ્પાના આશીર્વાદ - વિજયી ભવો - કોને મળશે તે પ્રશ્ન છે, પણ ઉદ્ધવ સેનાએ લાલબાગચા રાજા મંડળના માનદ્ સેક્રેટરી સુધીર સાલવીની નિમણૂક ઉદ્ધવ સેનાના સેક્રેટરીપદે કરી છે, તેથી સુધરાઈની ચૂંટણીમાં એમની ‘સેવા’ મળી શકશે.

રાજ્યના ૨૪માં સાંસ્કૃતિક વન તરીકે ગળતેશ્વરમાં ૭ હેક્ટરમાં નિર્માણ થયેલા ગળતેશ્વર વનનું લોકાર્પણ

# ગુજરાતે સર્વગ્રાહી પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન માટે ઈકો સિસ્ટમ ઉભી કરી છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૭૬માં વન મહોત્સવનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાતે સર્વગ્રાહી પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન માટેની ઈકો સિસ્ટમ ઉભી કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, ક્લાઈમેટ ચેંજના પડકારો સામે લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયરમેન્ટ – મિશન લાઈફ, હરિત ઉર્જા માટે રિન્યુએબલ એનર્જી અને સોલાર રૂફટોપ તથા જળ સંચય માટે ‘કેચ ધ રેઈન’ અને અમૃત સરોવરનું નિર્માણ તેમજ ‘એક પેડ મા કે નામ’ અંતર્ગત વૃક્ષોના વાવેતરથી હરિયાળી ક્રાંતિ દ્વારા પર્યાવરણ સંતુલન સાથેનો વિકાસ ગુજરાતે કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૭૬માં વન મહોત્સવ અંતર્ગત રાજ્યના ૨૪માં સાંસ્કૃતિક વન તરીકે ખેડા જિલ્લાના ગળતેશ્વરમાં ૭ હેક્ટરમાં નિર્માણ થયેલા ગળતેશ્વર વનનું લોકાર્પણ કર્યુ હતું. તેમણે ગુજરાત સ્ટેટ વેટ લેન્ડ ઓથોરિટીની વેબ સાઈટનું લોન્ચીંગ, ગ્રામ વન નિર્માણ અને પટ્ટી વાવેતરની ઉપજના ચેકનું ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતોને વિતરણ તથા વન વિભાગની યોજનાઓના લાભાર્થીઓને ચેક અર્પણ કર્યા હતા.

“આપણે કુદરતને પ્રેમ કરીશું તો કુદરત આપણું ધ્યાન રાખશે” મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વાતનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, આપણે તો છોડમાં રણછોડ અને જીવમાં શિવ જોનારા લોકો છીએ. એટલુ જ નહિ, વડાપ્રધાનશ્રીએ પણ પર્યાવરણ સંતુલન અને જાળવણીને હંમેશા પ્રાયોરીટી આપી છે. આ હેતુસર તેમણે વન મહોત્સવનું પરંપરાગત પ્રારૂપ બદલીને વન સાથે જન જનને જોડ્યા છે




અને વન મહોત્સવોને જન મહોત્સવો બનાવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ગ્રીન કવર વધારવા માટે ‘એક પેડ મા કે નામ’ અભિયાન, મિયાવાકી પદ્ધતિથી રાજ્યમાં ૨૦૭ વન કવચ નિર્માણ, ૮૨ જેટલા નમો વડ વન વગેરેની સફળતાને પરિણામે વન વિસ્તાર બહારનું ગ્રીન કવર વધીને ૧૧૪૩ ચોરસ કિલોમીટર થયું છે તેની પણ ભૂમિકા આપી હતી.

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલા ‘એક પેડ મા કે નામ’ અભિયાનમાં ગુજરાતે ગયા વર્ષે ૧૭.૫૦ કરોડ રોપાના વાવેતર સાથે દેશમાં બીજું સ્થાન મેળવ્યુ છે અને આ વર્ષે ‘એક પેડ મા કે નામ ૨.૦’માં સમગ્ર રાજ્યમાં ૧૦.૩૫ કરોડ રોપાના વાવેતરનો લક્ષ્યાંક છે તેનો પણ તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે વેપાર ઉદ્યોગના વિકાસ સાથે માનવ જીવનના વિકાસ માટે ભાવિ પેઢીને સ્વચ્છ વાતાવરણ પુરુ પાડીને સમૃદ્ધ અને સ્વસ્થ રાખવા માટે ગ્રીન ક્લિન એન્વાયરમેન્ટ જરૂરી છે અને વન મહોત્સવો આ માટેનું સક્ષમ માધ્યમ છે.

આ અવસરે વન અને પર્યાવરણ મંત્ર શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે, સાંસ્કૃતિક વનોનો હેતુ લોકોને ધાર્મિક અને ઔષધિય વૃક્ષો વિશે જાગૃત કરવા, જળવાયુ પરિવર્તનમાં સકારાત્મક યોગદાન આપવા, વૃક્ષ આચ્છાદન વધારવા અને લોકો, વિદ્યાર્થીઓ તથા બાળકોમાં વૃક્ષો પ્રત્યે પ્રેમ જાગૃત કરવાનો છે. ચાલુ વર્ષે સામાજિક વનીકરણ હેઠળ ૩૯,૨૯૫ હેક્ટરમાં વાવેતર અને ૨૦ અર્બન ફોરેસ્ટના નિર્માણનું આયોજન છે. પંચરત્ન ગ્રામ વાટીકા મોડલ હેઠળ ૧૦૦૦ ગામોમાં ગામ દીઠ ૫૦ રોપા વાવવામાં આવશે. ૨૦૨૫-૨૬માં ૩૪ પવિત્ર ઉપવનો બનશે અને ૧૯,૮૯૫ હેક્ટરમાં ૧૫૩.૯૦ લાખ રોપાઓનું વાવેતર થશે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સામાજિક વનીકરણમાં રાજ્ય સરકાર કટિબદ્ધતાથી કામગીરી કરી રહી છે. ખેડા જિલ્લામાં પણ આ દિશામાં કામગીરી કરતા ગોવિંદપુરા ખાતે વન કવચ અને “એક પેડ માં કે નામ” અભિયાન હેઠળ પીપલગ ગામે વન નિર્માણ કરવામાં આવ્યુ છે. રાજ્ય સરકારે ‘ગ્રીનગ્રોથ’ને વિકાસના પાંચમા સ્તંભ તરીકે સ્થાન આપ્યું છે. તેમણે વર્ષ ૨૦૨૫-૨૬ માં “હરિત વન પથ” યોજના હેઠળ રોડસાઈડ અને કોસ્ટલ હાઈવે પર ૧૦૦ હેક્ટરમાં વૃક્ષોનુ વાવેતર, એગ્રો ફોરેસ્ટ્રી હેઠળ ૩૫,૦૦૦ હેક્ટરમાં ખેતરોમાં વૃક્ષારોપણ, ૧૩૦ અમૃત સરોવરો ફરતે ૨૦૦ રોપા દીઠ વાવેતર અને ૧૩૬ વનકુટીર નિર્માણ અને ૧૦૦ કિસાન શિબિર યોજવાનું આયોજન હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમારે ઉપસ્થિત સૌનું સ્વાગત કરીને કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

આ કાર્યક્રમમાં ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, પંચમહાલ સાંસદ શ્રી રાજપાલસિંહ જાદવ, ઠાસરા ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, નડિયાદ ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, મહુધા ધારાસભ્ય શ્રી સંજયસિંહ મહિડા, મહેમદાવાદ ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણ, કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા, માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર, અગ્રણી શ્રી નયનાબેન પટેલ, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ શ્રી એ.પી સિંઘ, અગ્ર મુખ્ય વન સંરક્ષક, વન્યજીવ, ડો. જયપાલસિંઘ, કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, અન્ય અગ્રણીઓ, મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પછી અચાનક થયો ચમત્કાર!

# આત્મહત્યા કરવા માટે કોચિંગ ક્લાસની છત પર ચડી ગઈ યુવતી

### કોચિંગ ક્લાસના સ્ટાફની સમજણને કારણે જીવ બચ્યો




(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

જયપુરમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. NEET ની તૈયારી કરી રહેલી એક વિદ્યાર્થિનીએ ઊંચી ઈમારત પરથી કૂદીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, કોચિંગ સ્ટાફે છોકરીને કૂદકો મારે તે પહેલા જ પકડી લીધી હતી. શુક્રવારે બપોરે વિદ્યાર્થિની તેના કોચિંગ સેન્ટર, ગુરુ કૃપામાં અભ્યાસ માટે આવી હતી. કહેવામાં આવી રહ્યું છે કે, તે થોડા સમયથી કોચિંગમાં આવતી ન હતી, આથી તેના પરિવારના સભ્યો તેને મળવા આવ્યા હતા. પરિવારના સભ્યો આવ્યા બાદ, વિદ્યાર્થિની અચાનક કોચિંગ ક્લાસની બિલ્ડિંગની છત પર ચઢી ગઈ અને ત્યાંથી નીચે કૂદવાનો પ્રયાસ કર્યો હતો. આવા સમયે કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના સ્ટાફે સમજદારીથી કામ લીધું અને તેઓએ તરત જ વિદ્યાર્થિનીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, કેટલાક લોકો વિદ્યાર્થિની સાથે વાત કરીને તેનું ધ્યાન ભટકાવી રહ્યા હતા, જ્યારે કેટલાક અન્ય લોકો છુપાઈને તેના સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. થોડીવારમાં, સ્ટાફના સભ્યો વિદ્યાર્થિની પાસે પહોંચ્યા અને તે કૂદે તે પહેલા જ એકદમથી પકડી લીધી હતી. આ પછી, તેઓ તેને પાછળ ખેંચીને નીચે ઉતારી હતી. મહેશ નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે, આ મામલે અત્યાર સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી. તેમણે કહ્યુ કે, જો વિદ્યાર્થિના પરિવાર તરફથી કોઈ ફરિયાદ આવશે તો જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનામાં, કોચિંગ સ્ટાફના ઝડપી પગલાંથી આ વિદ્યાર્થિનીનો જીવ બચી ગયો છે, પરંતુ તે એક ગંભીર પ્રશ્ન ઉઠાવે છે કે, વિદ્યાર્થીઓ પર કેટલી હદ સુધી માનસિક દબાણ કરવામાં આવી રહ્યું છે.

ડ્રાઈવર લર્નિંગ લાયસન્સ પર ચલાવતો હતો ટેમ્પો

# સુરતમાં સ્ટેટ લેવલ રનરને કચરાની ગાડીએ ટક્કર મારતાં મોત નિપજ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં વધુ એક વખત રફતારના રાક્ષસનો આતંક સામે આવ્યો છે, જેમાં કચરાની ગાડીના ડ્રાઈવરે સ્ટેટ લેવલ રનરને ટક્કર મારતા યુવતીનું ઘટના સ્થળે મોત થયું છે, ડ્રાઈવર ટેમ્પો મૂકીને ફરાર થાય તે પહેલા લોકોએ ઝડપી પોલીસને સોંપ્યો હતો, તો પોલીસે ડ્રાઈવર સામે ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી.સુરત મનપા ટેમ્પોના ચાલકે નેશનલ દોડવીરનો ભોગ લીધો છે, ટેમ્પો ચાલકે મોપેડને ટક્કર મારતા અકસ્માત થયો અને વિધી કદમ નીચે પડતા તેનું મોત થયું છે, પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે, ડ્રાઈવર પાસે પાકુ ડ્રાઈવિંગ લાયસન્સ ન હતું અને તે લર્નિંગ લાયસન્સ પર મનપાનો ટેમ્પો ચલાવતો હતો અને ટેમ્પો ચાલક ૨૨ વર્ષીય ગિરીશ અડડની ધરપકડ કરવામાં આવી છે, પોલીસે આસપાસના સીસીટીવી પણ તપાસ માટે લીધા છે, ખટોદરા પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. મૃતક વિધી તેના પરિવાર સાથે સુરતમાં રહેતી હતી અને તેનું મૂળ વતન મહારાષ્ટ્રમાં છે, મૃતક વિધીના પરિવારમાં માતા-પિતા-ભાઈ છે, તો પિતા દરજી કામ કરીને ગુજરાન ચલાવે છે, વિધિ બી.કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી અને સ્ટેટ લેવલ સુધીના દોડની સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂકી છે. વિધિએ ટૂંકી દોડમાં ઘણા એવોર્ડ મેળવ્યા છે.

હેવાન આખરે ઝડપાયો

# બિહારમાં બાળકી પર દુષ્કર્મ બાદ મૃતદેહને ઝાડ પર લટકાવી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

બિહારમાં પટનાના મનેરમાં૧૦ વર્ષીય બાળકી પર દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી તેના શબને ઝાડ પર લટકાવાની ઘટના સામે આવતા ચકચારમચી ગઈ છે.આ ઘટના બાદ આક્રોશિત લોકોને વિરોધ પ્રદર્શન અને કેન્ડલ માર્ચ યોજ આરોપીને જલદી પકડવાની માગ કરી હતી. જો કે પોલીસે મોડી રાત્રે જ આરોપી ૪૮ વર્ષીય ભોલા રાયની ધરપકડ કરી હતી. પોલીસે આપેલી માહિતી મુજબ આરોપી બગીચાનો ગાર્ડનર છે. શહેરના એસપી ભાનુ પ્રતાપ સિંહએ જણાવ્યુ કે, બાળકીને લઈને આરોપી ભોલા રાયનું વર્તન પહેલાથી શંકાસ્પદ જ હતું. ઘટનાના એક દિવસ પહેલા ભોલા રાયે બાળકીને જમરૂખ આપવાના લાલચે છેડતી કરી હતી. આ પૂર્ણ ઘટના બગીચામાં લગાવામાં આવેલા CCTVમાં કેદ થઈ ગયા હતા. બીજા દિવસે આરોપીએ બાળકી સાથે દુષ્કર્મ આચર્યુ અને તેની હત્યા કરી તેના શબને જમરૂખના ઝાડ પર લટકાવી દીધો હતો. આ ઘટનાની ગંભીરતાને જોતા પોલીસે આરોપીને શોધવા એક વિશેષ ટીમ તૈયાર કરી હતી. પોલીસે નરાધમની ધરપકડ તો કરી લીધી છે, અને હવે આ કેસ માટે આગળની કાર્યવાહી કરી રહી છે, ત્યારે રોષે ભરાયેલા લોકોએ શહેરમાં મનેર પોલીસ સ્ટેશન, આઝાદ નગર, મનેર ચર્ચ પાસે પ્રદર્શન કરી રસ્તો જામ કર્યો છે. લોકોએ ટાયર સળગાવી, આંગ ચાંપી રસ્તા પર આક્રોશ વ્યક્ત કર્યો હતો. લોકોની માગ છે કે આરોપી ભોલા રાયને ગામવાસીઓને સોપી દો, ગાંમના લોકો જ ન્યાય અપાવશે અથવા તેને ફાંસી આપો. જોકે શહેરના એસપીએ આક્રોશિત લોકોને સમજાવ્યા અને રસ્તાના ચક્કાજામની સમસ્યા ઉકેલી. ૨૫ ઓગસ્ટના રોજ બાળકી લાકડાં લેવા ગઈ ત્યારે આરોપીએ તેને ખારી નાસ્તો ખવડાવ્યો અને ઠંડુ પીણું પણ આપ્યું. માસૂમ બાળકી આરોપીનો ઈરાદો સમજી ન શકી. ૨૬ ઓગસ્ટે તે બગીચામાં લાકડા લેવા બપોરે ૧ વાગ્યે ઘરની બહાર ગઈ અને ગાર્ડનમાંથી લાકડાંનો એક બંડલ લઈને આવી હતી અને બાળકીએ તેના દાદીને હજી લાકડા લઈ આવવા જઈ રહી છે એવું કહી ઘણા સમય સુધી પાછી આવી જ નહીં. તેની દાદી અને ગામના અન્ય લોકોએ પણ બાળકીને શોધવા અનેક પ્રયત્ન કર્યા હતા, પણ તેની કોઈ માહિતી મળી નહીં. ૨૮ ઓગસ્ટે સવારે બાળકીનો શબ મળ્યો હતો.

# ’યોગ’ બનશે વિકસિત ગુજરાત થકી “વિકસિત ભારત@૨૦૪૭”નો આધારસ્તંભ

આપણો દેશ આગામી વર્ષ ૨૦૪૭માં સ્વતંત્રતાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે. આ ગૌરવશાળી પ્રસંગને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "વિકસિત ભારત@૨૦૪૭"નું એક ભવ્ય વિઝન નિર્ધારિત કર્યું છે. આ વિઝનને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આરોગ્ય, શિક્ષણ, કૃષિ, ઔદ્યોગિક જેવા વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરી રહી છે. જેમાં ‘યોગ’ પર સરકારે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આજે જો રાજ્ય અને દેશને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવું હોય તો ‘યોગ’ તેનો સૌથી મજબૂત આધારસ્તંભ બની શકે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા દરવર્ષે તા. ૨૧ જૂનને ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ તરીકે મનાવવામાં આવે છે. જેના પરિણામે આજે વિશ્વના લગભગ તમામ દેશોમાં ‘યોગ’ ને અપનાવવામાં આવ્યો છે. ‘યોગ’ માત્ર શારીરિક વ્યાયામ નથી, પરંતુ એક સર્વાંગી જીવનપદ્ધતિ છે. વ્યક્તિગત સ્વાસ્થ્યથી લઈને રાષ્ટ્રીય અર્થતંત્ર સુધી અને સમાજમાં શાંતિથી લઈને વિશ્વમાં આધ્યાત્મિક નેતૃત્વ સુધી ‘યોગ’ દરેક ક્ષેત્રમાં સકારાત્મક પ્રભાવ પાડી શકે છે. ‘યોગ’ એ એક કલ્પવૃક્ષ છે, જે આપણને સ્વાસ્થ્ય, શાંતિ, જ્ઞાન, સમૃદ્ધિ અને આધ્યાત્મિક વિકાસ - બધું જ પ્રદાન કરે છે.

**આરોગ્યમાં ક્રાંતિ**

આજે આપણા દેશના નાગરિકોની તંદુરસ્તી અર્થે આરોગ્ય વિભાગ દ્વારા નોંધપાત્ર રકમ ફાળવવામાં આવે છે. ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હૃદયરોગ, થાઈરોઈડ, કેન્સર જેવી જીવનશૈલી સંબંધિત બિમારીઓ પર કરોડોનો ખર્ચ થાય છે.

આ રોગોનું મૂળ કારણ અસંતુલિત જીવનશૈલી, અનિયમિત આહારપદ્ધત્તિ અને સતત વધતો તણાવ છે. જો દેશનો દરેક નાગરિક રોજિંદા જીવનમાં ‘યોગ’ને અપનાવે તો આ રોગોમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. નિયમિત ‘યોગ’ કરવાથી શરીર મજબૂત બનશે, મન શાંત રહેશે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થશે. જેના પરિણામે હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ઘટશે, દવાઓ પરનો ખર્ચ ઓછો થશે અને સરકારનું આરોગ્ય બજેટ અન્ય વિકાસ કાર્યોમાં વાપરી શકાશે

**શિક્ષણમાં ગુણવત્તા**

વિદ્યાર્થીઓ એ રાષ્ટ્રનું ભવિષ્ય છે. આજના યુગમાં સોશિયલ મીડિયા, મોબાઈલની લત અને સ્પર્ધાત્મક દબાણને કારણે એકાગ્રતા ઘટી રહી છે. ઘણા વિદ્યાર્થીઓ ચિંતાથી પીડાઈ રહ્યા છે. ‘યોગ’ અને ‘પ્રાણાયામ’ના નિયમિત અભ્યાસથી વિદ્યાર્થીઓનું મન સ્થિર બને છે, યાદશક્તિ વધે છે અને એકાગ્રતાનો વિકાસ થાય છે. આમ, શિક્ષણનું પ્રમાણ અને ગુણવત્તા બંને ઉચ્ચ સ્તર સુધી પહોંચી શકશે તેમજ વધારે પ્રમાણમાં સંશોધન, નવું જ્ઞાન તથા નવી શોધો થશે. જે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરશે.

**ઉત્પાદન અને અર્થતંત્રમાં વધારો**

ઉદ્યોગો અને કારખાનાઓની સાચી તાકાત તેમના કામદારોમાં છે. જો કર્મચારી તંદુરસ્ત હશે તો ઉત્પાદન ક્ષમતા અનેકગણી વધી જશે. ‘યોગ’ કર્મચારીઓને શારીરિક રીતે સુદૃઢ બનાવે છે અને માનસિક સ્થિરતા આપે છે. નિયમિત ‘યોગ’ કરનાર કર્મચારી ઓછા બીમાર પડે છે, જેથી આરોગ્ય રજામાં ઘટાડો થાય છે. તદુપરાંત કાર્યસ્થળ પર શિસ્ત, ઉત્સાહ અને ટીમ વર્ક વધે છે. જેના પરિણામે ઉદ્યોગોમાં ઉત્પાદન અને નિકાસમાં વધારો થાય છે તથા દેશનું અર્થતંત્ર વધુ મજબૂત બને છે.

**સમાજમાં સુખ-શાંતિ**

આજે સમાજમાં વધી રહેલી હિંસા, અપરાધ અને તણાવનું મૂળ કારણ મનનું અસંતુલન છે. ‘યોગ’ મનને શાંતિ આપે છે, વિચારશક્તિને સ્પષ્ટ કરે છે તેમજ વ્યક્તિને ધૈર્યવાન બનાવે છે. જો યુવાનો ‘યોગ’ને જીવનમાં અપનાવે, તો તેઓ નશાખોરી, ગુનાઓ અને હતાશાથી દૂર રહી શકે છે. ‘યોગ’ વ્યક્તિને પ્રતિક્રિયા આપવાને બદલે સમજદારીપૂર્વક જવાબ આપવાનું શીખવે છે, જેથી કુટુંબમાં સુખ-શાંતિ વધે છે અને સમાજમાં એકતા મજબૂત બને છે. ‘યોગ’ માત્ર વ્યક્તિગત જ નહીં, પરંતુ સામાજિક પરિવર્તન લાવવાનો પણ શ્રેષ્ઠ માર્ગ છે.

**આધ્યાત્મિક ઉન્નતિ**

ભારત હંમેશા વિશ્વને આધ્યાત્મિકતા આપનાર દેશ રહ્યો છે. આજના સમયમાં જ્યારે વિશ્વ તણાવ, યુદ્ધ, પર્યાવરણ સંકટ અને અસંતોષનો સામનો કરી રહ્યું છે, ત્યારે ભારત પાસે વિશ્વને સાચો માર્ગ બતાવવાની તક છે. ‘યોગ’ દ્વારા આત્મજાગૃતિ પ્રાપ્ત થાય છે. આંતરિક શાંતિ, પ્રેમ અને કરુણા જાગૃત થાય છે. જો ભારતના કરોડો નાગરિકો ‘યોગ’થી પ્રેરિત થશે, તો ભારત "વિશ્વગુરુ" તરીકે ઉભરી આવશે અને સમગ્ર માનવજાતને માર્ગદર્શન આપનાર દેશ બનશે.

આવો, આપણે સૌ સાથે મળીને ‘યોગ’ને જીવનશૈલી બનાવીએ, આરોગ્યને તંદુરસ્ત બનાવીએ, શિક્ષણ અને અર્થતંત્રને આગળ ધપાવીએ તેમજ સમાજમાં સુખ-શાંતિ સ્થાપીને ભારતને વિશ્વનો સાચો માર્ગદર્શક બનાવવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડે સર્વે નાગરિકોને આહ્વાન કર્યું છે.

- જીગર બારોટ

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

૫ જિલ્લાના ૭ તાલુકાના ૧૮ ગામડાઓમાં મિલ્કતો અને મર્શીડીસ ગાડી

# ભાજપના નેતા જે જે મેવાડા અને તેમના પરીવારની ૧૩૧ મિલ્કત અપ્રમાણસર હોવાનુ કોર્ટમાં સોગંદનામુ દાખલ

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલા અને નિવૃત્ત ડીવાયએસપી જે જે મેવાડા અને તેમના પરીવારજનોના નામે ૩૦૦ કરોડની પરંતુ હાલની જંત્રી મુજબ ૧૭૦૦ કરોડની અપ્રમાણસર મિલ્કત હોવાનુ બહાર આવ્યુ છે. વર્ષ ૨૦૨૨ માં ગાંધીનગર એસીબી અને મોડાસા સેશન્સ કોર્ટમાં આ ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં મોડાસા કોર્ટે ફરીયાદીએ રજુ કરેલા સોગંદનામા માં જે જે મેવાડા અને તેમના પરીવારજનોએ ૫ જિલ્લાના ૭ તાલુકા અને ૧૮ ગામડાઓમાં કુલ ૧૩૧ મિલ્કતો અને ૧ મર્શીડીસ ગાડી વસાવી હોવાનો ઉલ્લેખ કરાયો છે.

સાબરકાંઠા જિલ્લાના વતની અને અમદાવાદ ખાતે વસવાટ કરતા અને પોલીસ સબ ઈન્સ્પેકટર થી લઈને ડીવાયએસપી ની ફરજ દરમિયાન જે જે મેવાડાએ ભ્રષ્ટાચાર આચર્યો હોવાની પહેલી ફરીયાદ વર્ષ ૨૦૧૪ માં દાખલ કરાઈ હતી. ત્યારબાદ અપ્રમાણસર મિલ્કતના કેસમાં ઘેરાતા અધિકારી નોકરીમાંથી રાજીનામુ આપી આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. વર્ષ ૨૦૨૨ માં ગાંધીનગર જિલ્લાના કલોલના



વિરલગીરી એ સેશન્સ કોર્ટ સમક્ષ જે જે મેવાડા અને તેમના પરીવારજનોના નામે કરોડો રૂપીયાની મિલ્કતો હોવાની બીજી એક ફરીયાદ નોંધાવી હતી. આ નિવૃત્ત અધિકારી જે જે મેવાડાએ અંદાજીત ૩૦૦ કરોડની કિંમતની મિલ્કતો વસાવી હોવાનો આરોપ હતો.

આ મિલ્કતોની હાલની જંત્રી મુજબ અંદાજે ૧૭૦૦ કરોડની મિલ્કત હોવાનુ કોર્ટને જણાવ્યુ હતું. આ પ્રકરણમાં ૨૫ ઓગસ્ટે અરવલ્લી જિલ્લાના બીજા એડીશનલ સેશન્સ કોર્ટે ફરીયાદીને તમામ આક્ષેપો તથા ટાંચમાં લેતા મિલ્કતોના વર્ણન બાબતે સોગંદનામા ઉપર જાહેર કરવા હુકમ કર્યો હતો. ૨૮ ઓગસ્ટે કોર્ટ મુદતમાં ફરીયાદી વિરલગીરીએ કોર્ટ સામે ૧૩ પાનાનુ સોગંદનામુ રજુ કર્યુ હતું.

આ સોગંદનામા અનુસાર આરોપી અને તેના પુત્ર, પત્ની, બે પુત્રી અને પૌત્ર સહિતના પરીવારજનોના નામે ૫ જિલ્લાના ૭ તાલુકાઓના ૧૮ ગામડાઓમાં કુલ ૧૩૧ મિલ્કતો અને મર્શીડીસ ગાડી હોવાનુ જણાવ્યુ હતું. હવે કોર્ટ દ્વારા તેના અગાઉના હુકમ મુજબ આરોપીઓને આ મિલ્કતો શા માટે જપ્ત ન કરવી તે બાબતે કારણ જણાવો નોટીસ આપવામાં આવી છે. આ કેસની વધુ સુનાવણી ૨૯ સપ્ટેમ્બરે થશે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# સરકારી કર્મચારીએ બદલી કરાવવા માટે કરી કરતુત : પોતાની બદલી કરાવવા ૩૦ હજાર થી વધુ નાગરીકો ને ૩ દિવસ સુધી પાણી વગર તરસ્યા રાખ્યા

## મજુર અને ડ્રાઈવરની મદદથી કર્મચારીએ પ્લાન ઘડયો : આવા અધિકારીને તડીપાર કરવા જોઈએ : કોર્પોરેટર

પ્રતિનિધિ,ગાંધીનગર




વડોદરા મહાનગરપાલિકાના ઈજનેરે બદલી થાય તે માટે મોટુ ષડયંત્ર રચ્યુ હતું. આ માટે તેણે નવા યાર્ડ વિસ્તારમાં પાણીનો વાલ બંધ કરી ૩૦ હજાર થી વધુ લોકોને ૩ દિવસ સુધી પાણી વગર તરસ્યા રાખી પાણી આપ્યુ ન હતું. પાલિકાના ઈજનેરે પોતાની બદલી કરાવવા માટે કરેલા ષડયંત્રનો સીસીટીવી માધ્યમથી પર્દાફાશ થયો હતો. પાલિકાના ઈજનેરે બદલી થાય તે માટે ષડયંત્ર રચ્યુ હતું. વડોદરા મહાનગરપાલિકાના ઈજનેર યોગેશ વસાવાએ બદલી થતા પાણીનો વાલ બંધ કરાવી તરકટ રચ્યુ હતું. નવા યાર્ડ વિસ્તારમાં પાણીનો વાલ બંધ કરી ૩૦ હજાર થી વધુ લોકોને ૩ દિવસ સુધી પાણી ન આપ્યું. ફરીથી વોર્ડ ૧ માં બદલી થાય તે માટે કોન્ટ્રાકટરના માણસો સાથે મળી પાણીનો વાલ બંધ કરી દીધો હતો. વોર્ડ ૧ માં પાણીનો કકળાટ ઉભો થાય તો તેને ફરી રોડ પ્રોજેકટમાંથી વોર્ડ ૧ માં બદલી કરી દેવામાં આવે તેવો પ્લાન ઈજનેરે ઘડયો હતો. આ માટે ઈજનેરે કેટલાક લોકો સાથે મળીને આખો પ્લાન રચ્યો હતો, પાણી પુરવઠાના મજુર અને જેસીબી ડ્રાઈવરની મદદ લઈ પાણીનો વાલ બંધ કરી દીધો હતો. સીસીટીવી ફુટેજ ચકાસતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. પાલિકાના અધિકારીઓએ મજુર સંજય માળીને પુછપરછ કરતા ભાંડો ફુટયો હતો. તો બીજી તરફ બંને સામે પોલીસ ફરીયાદ અને ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.

આ અંગે વોર્ડ ૧ ના કોર્પોરેટર જહા ભરવાડે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે પોતાની બદલી રોકાવા આ કૃત્ય કરીને ઈજનેરે ૩૦ હજાર થી વધુ લોકોને બાનમાં લીધા હતા, ૩ દિવસ સુધી નાગરીકોને પાણી ન મળ્યુ, સીસીટીવી ના કારણે આખો મામલો બહાર આવ્યો હતો, ડેપ્યુટી ઈજનેર યોગેશ વસાવાને કડકમાં કડક સજા થાય તેવી અમારી માંગ છે. આવા અધિકારી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થવી જોઈએ, અધિકારીને વડોદરામાંથી તડીપાર કરવો જોઈએ. પાણી પુરવઠા વિભાગ ઈજનેરનો પાણી નો વાલ બંધ કરાવી ષડયંત્ર રચવાના મામલે પાણી પુરવઠાના વડા ધાર્મિક દવેએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે પાણીનો વાલ બંધ હોવાનુ ધ્યાને આવતા સીસીટીવી તપાસવમાં આવ્યા હતા, સીસીટીવી તપાસ કરતા વાલ ચાલુ કરનાર ઓપરેટર અને જેસીબીનો ડ્રાઈવર નજરે પડયા હતા, વાલ ચાલુ કરનાર ઓપરેટર સંજય માળીને પુછપરછ કરાતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ઈજનેર યોગેશ વસાવાએ વાલ ચાલુ કરનાર ઓપરેટર અને જેસીબી ડ્રાઈવર ને કહી વાલ બંધ કરાવ્યો હોવાનુ તેણે જણાવ્યુ હતું. યોગેશ વસાવાની બદલી થઈ ગઈ હોવા છતાં કર્મચારીઓને સુચના આપી વાલ બંધ કરાવ્યો હતો, ત્રણેય કર્મચારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ અને પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

# અરવિંદ કેજરીવાલ ૭ સપ્ટે. ચોટીલામાં ખેડુતોની સભા ગજવશેઃ પાલિકા અને પંચાયતોની ચુંટણી અગાઉ આપ ગુજરાતમાં સક્રિય

પ્રતિનિધિ,ગાંધીનગર



આગામી ૨૦૨૬ માં યોજાનારી ગુજરાતની પાલિકા અને પંચાયતોની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીએ મોદીના હોમ સ્ટેટ ને અમિત શાહ ના હોમ સ્ટેટ તરફ ધ્યાન દોર્યુ છે અને ચુંટણીઓ જીતવા રાજયમાં પોતાની ગતિવિધિઓ તેજ કરી નાખી છે. પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કપાસના મુદ્દાને શસ્ત્ર બનાવીને ખેડુતોને આકર્ષવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આ સંદર્ભે આગામી તા. ૭ સપ્ટેમ્બરે ચોટીલામાં ખેડુતોની મોટી સભા કેજરીવાલ ગજવાના છે, જેમાં સુરેન્દ્રનગર સહિત સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના લાખો ખેડુતોને ભેગા કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

કેજરીવાલે આ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કરતા જણાવ્યુ હતુ કે મોદી સરકારે અમેરીકાથી આયાત થતા કપાસ પરની ડયુટી માફ કરી દીધી છે, આ છુટછાટ જે અગાઉ ૩૦ સપ્ટેમ્બર સુધી હતી, તેને હવે ૩૧ ડીસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. જેના થી અમેરીકન કપાસ ભારતના બજારમાં ૧૫ થી ૨૦ ટકા સસ્તો થઈ જશે જેના કારણે ઓકટોબર મહિનામાં જયારે ભારતીય ખેડુતોનો કપાસ બજારમાં આવશે ત્યારે ઉદ્યોગોએ પહેલેથી જ અમેરીકન કપાસ ખરીદી લીધો હશે, કેજરીવાલે આને ખેડુતો સાથેનો વિશ્વાસઘાત ગણાવ્યો છે. વડાપ્રધાનને આડકતરી રીતે પડકાર ફેંકતા કેજરીવાલે કહ્યુ હતુ કે જો અમેરીકાને પાઠ ભણાવવાનો હોય તો તેના માલ પરની ડયુટી ૧૦૦ ટકા કરી દેવી જોઈએ, આનાથી ભાજપના જ મતદારોમાં પ્રભાવ પાડવાના સમીકરણો સર્જાયા છે. જો કે વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટીએ મુખ્યત્વે કોંગ્રેસના મતો ને જ નુકશાન પહોચાડયુ હતુ, આ આગામી વ્યુહ રચના દ્વારા આમ આદમી પાર્ટી ભાજપના ખેડુત મતદારોને પોતાની તરફ આકર્ષવાનો પ્રયાસ કરી રહી છે.

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે રેવન્યુમાં ખાલી પડેલી તલાટીની ૨૩૮૯ જગ્યા માટે સ્પર્ધાત્મક પરીક્ષા ૧૪ સપ્ટે. લેવાનો કર્યો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર




પંચાયત કેડરમાં ખાલી પડેલી તલાટીઓની જગ્યાઓ થોડા સમય પહેલા ભરવામાં આવ્યા બાદ હવે સરકારે રેવન્યુ વિભાગના તલાટીઓની ખાલી પડેલી ૨૩૮૯ જેટલી જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરવાનો નિર્ણય લીધો છે. આ પરીક્ષાના સંચાલનની જવાબદારી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને સોંપવામાં આવી છે અને મંડળ દ્વારા આ માટે આગામી તા. ૧૪ સપ્ટેમ્બર ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષાની જાહેરાત કરવામાં આવી છે. હયાત રેવન્યુ તલાટીઓને એક થી વધુ ગામડાઓની કામગીરી હાલમાં સોંપાયેલી છે. અત્યાર સુધી તો પંચાયત અને રેવન્યુ તલાટી પાસે એકબીજાની કામગીરી લેવામાં આવતી હતી, પરંતુ આ મામલે છેલ્લા થોડા વરસોથી વિરોધ થયા બાદ બંને કેડર અલગ અલગ કરી દેવામાં આવી છે અને જોબ ચાર્ટ પણ ફીકસ કરી દેવામાં આવ્યા છે. આ જોબ ચાર્ટ મુજબ પંચાયત તલાટીઓની ખાલી પડેલી જગ્યાઓ ભરી દેવામાં આવી છે. પરંતુ રેવન્યુ વિભાગની ૨૩૮૯ જગ્યાઓ ખાલી પડી હોવાથી હયાત રેવન્યુ તલાટીઓને એક થી વધુ ગામડાઓની કામગીરી સોંપવામાં આવી છે. તલાટીઓની ઘટ પુરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી તા. ૧૪ સપ્ટેમ્બર ના રોજ રાજયના જુદા જુદા સેન્ટરોમાં પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષાનુ પ્રોવિઝનલ પરીણામ જાહેર થયા બાદ ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે ઉમેદવારોને બોલાવવામાં આવશે. ડોકયુમેન્ટની વેરીફીકેશનની પ્રક્રિયા પુરી થયા બાદ મીનીમમ કવોલીફીકેશનના ધારાધોરણો જાળવીને મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે. આ મેરીટ લીસ્ટમાં ખાલી જગ્યા કરતા ડબલ ઉમેદવારોને સમાવવામાં આવશે અને ત્યારબાદ બીજા તબકકામાં ઈન્ટરવ્યુ યોજવામાં આવશે. સરકારી સુત્રોના કહેવા પ્રમાણે તલાટીની મોટી ઘટ હોવાના કારણે રેવન્યુ વિભાગના અનેક કામને અસર થઈ રહી છે. આ પરીસ્થિતિ નિવારવા માટે હવે રેવન્યુ તલાટીઓની ભરતી કરવામાં આવશે. સ્પર્ધાત્મક પરીક્ષા અને ઈન્ટરવ્યુ લેવા જેવી પ્રક્રિયામાં ૪ થી ૫ મહિના જેટલો સમય પસાર થઈ જવાની શકયતા છે અને ત્યાર પછી રેવન્યુ તલાટીઓની નિમણુંક કરવામાં આવશે.

# "ગુજરાતના કૃષિ વિકાસનો સથવારો; બીજ નિગમનો ગુણવત્તાયુક્ત અને પ્રમાણિત બીજવારો"

ગુજરાતીમાં એક કહેવત છે કે "જેની દાળ બગડી એનો દિવસ બગડ્યો અને જેનું અથાણું બગડ્યું એમનું વર્ષ બગડ્યું". તેવી જ રીતે, કૃષિ ક્ષેત્રમાં પણ કહી શકાય કે, 'જેનું બિયારણ નબળું, એ ખેડૂતનું આખું વર્ષ નબળું'. કારણ કે, કોઈપણ પાકના ઉત્પાદનમાં ગુણવત્તાયુક્ત બીજવારો (બિયારણ) સૌથી પાયાનું અને મહત્વપૂર્ણ ઘટક હોય છે. જો બીજ જ ઉત્તમ ન હોય, તો જમીન, પાણી, ખાતર અને ખેડૂતની મહેનત જેવા બધા જ પરિબળો નિરર્થક સાબિત થાય છે. ગુણવત્તાયુક્ત બિયારણ ખેતી ખર્ચ ઘટાડીને અને ઉત્પાદન વધારીને ખેડૂતોની આર્થિક સ્થિતિને મજબૂત બનાવે છે.



ગુજરાતના ખેડૂતોને ગુણવત્તાસભર અને પ્રમાણિત બિયારણ પૂરું પાડીને તેમની આવક વધારવાના શુભ આશય સાથે ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બિયારણનું ઉત્પાદન અને વિતરણ કરવામાં આવે છે. બીજ નિગમ દ્વારા રાજ્યના છેવાડાના ખેડૂતો સુધી સમયસર, યોગ્ય અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતું બિયારણ વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. બીજ નિગમ દ્વારા ગત વર્ષે કુલ ૩.૬૮ લાખ ક્વિન્ટલ પ્રમાણિત બિયારણનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. જેની સામે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં આશરે ૩.૪૦ લાખ ક્વિન્ટલ બિયારણ ખેડૂતોને વિતરણ કરવામાં આવશે.

આ અંગે વિગતો આપતા કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, બીજ નિગમ દ્વારા ઘઉં, ડાંગર, મગફળી, હા.દિવેલા, સોયાબીન, ચણા, મગ અને જીરૂ સહિત કુલ ૨૪ મુખ્ય પાકોની અંદાજે ૧૨૫થી વધુ જાતોના ગુણવત્તાયુક્ત બિયારણોનું ઉત્પાદન સહ વેચાણ કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી બીજ નિગમ દ્વારા બિયારણનું ઉત્પાદન અને વેચાણ સતત વધી રહ્યું છે. નિગમ દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં ૩.૭૫ લાખ ક્વિન્ટલ બીજ ઉત્પાદનનું તેમજ વર્ષ ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૪ લાખ ક્વિન્ટલથી વધુ બીજ વિતરણ કરવાનું આયોજન કર્યું છે.

કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, બીજ નિગમ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨.૩૮ લાખ ક્વિન્ટલ બિયારણના ઉત્પાદન સામે ગત વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૩.૬૮ લાખ ક્વિન્ટલ બિયારણનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. એટલે કે, માત્ર બે જ વર્ષમાં બિયારણના ઉત્પાદનમાં ૧.૩૦ લાખ ક્વિન્ટલ વધારો જોવા મળ્યો છે. તેવી જ રીતે, વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨.૪૯ લાખ ક્વિન્ટલ બિયારણના વિતરણ સામે ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ૨.૯૭ લાખ ક્વિન્ટલ બિયારણનું વેચાણ કરવામાં આવ્યું હતું. એમાં પણ, માત્ર બે જ વર્ષમાં ૪૮,૦૦૦ ક્વિન્ટલનો વધારો જોવા મળ્યો છે. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે, બીજ નિગમ સતત પોતાનું કાર્યક્ષેત્ર અને ઉત્પાદન ક્ષમતા વધારી રહ્યું છે.

રાજ્ય સરકારની ભૂમિકા અને બીજ નિગમની કાર્યપદ્ધતિ

૧. ગુણવત્તાની ખાતરીઃ નિગમ દ્વારા જે તે વિસ્તારના પ્રગતિશીલ ખેડૂતો સાથે મળીને બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ પ્રક્રિયામાં વાવણીથી લઈને પાકની કાપણી, પ્રોસેસિંગ, પેકેજિંગ અને સ્ટોરેજ સુધીની તમામ બાબતોનું વૈજ્ઞાનિક ઢબે નિરીક્ષણ કરવામાં આવે છે. જેમાં ઉત્પાદિત થયેલા બીજને પ્રમાણન એજન્સી દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે, જે સુનિશ્ચિત કરે છે કે બીજની આનુવંશિક શુદ્ધતા, ભૌતિક શુદ્ધતા અને અંકુરણ ક્ષમતા ઉચ્ચતમ સ્તરની છે.

૨. વ્યાજબી ભાવ અને સરળ ઉપલબ્ધતાઃ નિગમ દ્વારા રાજ્યભરમાં ગામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ સહકારી સંસ્થાઓ અને ખાનગી અધિકૃત બીજ વિક્રેતાઓ મારફત બીજનું વેચાણ-વિતરણ કરવામાં આવે છે. હાલમાં, નિગમ કુલ ૧,૨૮૯ અધિકૃત બીજ વિક્રેતાનું વિશાળ નેટવર્ક ધરાવે છે, જેમાં ૪૦૧ સહકારી સંસ્થાઓ, ૩૬૭ કૃષિ-ક્લિનિક્સ અને કૃષિ વ્યવસાય કેન્દ્રો, ૫૨૧ ખાનગી સંસ્થાનો સમાવેશ થાય છે. આ નેટવર્કના માધ્યમથી રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ખેડૂતોને પણ સમાન ભાવે અને સરળતાથી બિયારણ મળી રહે છે.

૩. કૃષિ સંશોધનને વેગઃ બીજ નિગમ કૃષિ યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ દ્વારા નવી ભલામણ કરાયેલી જાતોના બીજ ઉત્પાદનને પ્રાધાન્ય આપે છે અને જૂની જાતોનું ઉત્પાદન ઘટાડીને, વેરાયટલ રિપ્લેસમેન્ટ રેટ **(VRR)** અને સીડ રિપ્લેસમેન્ટ રેશિયો **(SRR)** વધારવાનો પ્રયાસ કરે છે. જેથી નવી, વધુ ઉપજ આપતી અને રોગપ્રતિકારક જાતો ઝડપથી ખેડૂતો સુધી પહોંચે છે અને સમગ્ર કૃષિ ક્ષેત્રની ઉત્પાદકતામાં સુધારો થાય છે.

એટલા માટે જ, આજે ગુજરાત રાજ્ય બીજ નિગમ માત્ર બિયારણનું ઉત્પાદન અને વેચાણ કરતી એક સંસ્થા જ નહિ, પરંતુ ગુજરાતના અનેક ખેડૂતોના વિશ્વાસનું પ્રતીક બન્યું છે.

- નિતિન રથવી



# ગુજરાત ભાજપના પ્રદેશના નેતાઓ અને ધારાસભ્યો જ વડાપ્રધાન મોદી અને અમિત શાહનુ ધોવાણ કરી રહ્યા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપની રાજનીતીમાં છેલ્લા કેટલાક વરસોમાં નોધપાત્ર પડકારો સામે આવ્યા છે. જેના કારણે રાજયના રાજકીય માળખામાં અવિશ્વસનીયતા અને અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ જેમણે ગુજરાત ભાજપના નેતૃત્વના આધારસ્તંભ તરીકે રાજયની રાજનીતીને નવી ઉંચાઈઓ પર લઈ જવામાં મહત્વની ભુમિકા ભજવી છે. તેમના પ્રયાસો છતાં સતત ગુજરાત ભાજપનુ સંગઠન અને સરકાર વિવાદોના ઘેરામાં ફસાયેલી જણાય છે. ગુજરાત ભાજપના ૩ મુખ્ય પડકારો જેમાં સંગઠનની કથળેલી સ્થિતિ, મંત્રીઓની નિષ્ક્રિયતા અને ધારાસભ્યોની અક્ષમતાની સ્થિતિનુ વિગતવાર વિશ્લેષણ કરીએ તો ભાજપ માટે આગામી સમય જીતવુ લોઢાના ચણા ચાવવા સમાન બની રહેશે. સીઆર પાટીલ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે નિમણુંક પામ્યા ત્યારથી પક્ષના સંગઠનમાં નોધપાત્ર પરીવર્તનોની અપેક્ષા હતી, જો કે ભાજપના આંતરીક ગણગણાટ મુજબ તેમના નેતૃત્વ હેઠળ સંગઠનની સ્થિતિ સુધરવાને બદલે વધુ નબળી પડી હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. પાટીલની નેતૃત્વ શૈલી અને નિર્ણયો પર ઘણા પક્ષના કાર્યકરો અને નેતાઓએ સવાલો ઉઠાવ્યા છે. સંગઠનની આંતરીક એકતા અને સંકલનનો અભાવ રાજયમાં ભાજપની સ્થિતિને નબળી પાડી રહ્યો છે. ગુજરાતના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે પાટીલની આક્રમક શૈલી અને કેન્દ્રીય નેતૃત્વ પરની અતિશય નિર્ભરતાને કારણે સ્થાનિક નેતાઓ અને કાર્યકરોમાં અસંતોષ વધ્યો છે. પક્ષના આંતરીક માળખામાં સુધારા કરવાને બદલે આયાતી અને અપરીપકવ નવા નેતાઓને આગળ લાવવામાં અને જુના કાર્યકરોનો આદર જાળવવામાં નિષ્ફળતા મળી છે. આ ઉપરાંત સંગઠનની પ્રવૃત્તિઓ જેમ કે નવા કાર્યકર્તાઓનુ ઘડતર અને સ્થાનિક મુદ્દાઓ પર ધ્યાન આપવામાં ઉણપ જોવા મળી છે. આના પરીણામે ગુજરાત ભાજપની જનસંપર્કની ક્ષમતા નબળી પડી છે. જેની અસર આગામી ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓમાં જોવા મળી શકે છે.



ગુજરાત સરકારના મંત્રીઓની નિષ્ક્રિયતા એ બીજો મોટો મુદ્દો છે જે ભાજપની છબીને નુકશાન પહોચાડી રહ્યો છે. રાજયના મંત્રીઓ પર નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારના આરોપો લાગતા રહ્યા છે જેના કારણે જનતાનો વિશ્વાસ ઉઠી રહ્યો છે, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારમાં કેટલાક મંત્રીઓ પર ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા છે જેમાં જમીન સોદા, ટેન્ડરોમાં ગેરરીતી, બદલીઓમાં ઉઘરાણુ અને નાણાંકીય ગેરવ્યવહારનો સમાવેશ થાય છે. આ આરોપોની તપાસ થવાને બદલે સરકારે તેને નજર અંદાજ કરવાનો પ્રયાસ કર્યો હોવાનુ જોવા મળે છે. જેનાથી પ્રજામાં સરકારની પારદર્શી કામગીરી સંદર્ભે સવાલો ચર્ચામાં રહ્યા છે. રાજય સરકારના મંત્રીઓની નિષ્ક્રિયતા ખાસ કરીને વિકાસના કામોમાં જોવા મળી રહી છે. ગુજરાતના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મુળભુત સુવિધાઓ જેમ કે રસ્તાઓ, પાણી, વિજળી અને આરોગ્ય સેવાઓની અછત હજુ પણ એક મોટો મુદ્દો છે. આ મુદ્દાઓના નિરાકરણ માટે મંત્રીઓએ નોધપાત્ર પગલા લીધા નથી. જેના કારણે પ્રજાનો ગુસ્સો વધી રહ્યો છે. આ બધુ હાલની ભાજપની શાસનની ક્ષમતા પર પ્રશ્ન ઉભો કરે છે. તો બીજી તરફ મંત્રીઓ ધારાસભ્યો બદલીઓ ના કામો લઈને આવે તો કરતા નથી, તો બીજી તરફ ખુદ મંત્રીઓના અંગત સચિવો અને અંગત મદદનીશો તેમજ અધિક અંગત મદદનીશો રૂપીયાના જોરે સરકાર પર દબાણ લાવીને બદલીઓ કરાવી રહ્યા છે. અને તેમાં પણ મોટી કટકી લેવામાં આવતી હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે.

ગુજરાતના ચુંટાયેલા ધારાસભ્યોની નિષ્ક્રિયતા એ ભાજપની રાજનીતીમાં એક મોટો પડકાર બની રહી છે. ઘણા ધારાસભ્યો પોતાના મત વિસ્તારમાં સક્રિય રીતે કામ કરવામાં નિષ્ફળ રહ્યા છે. પ્રજાના મુળભુત પ્રશ્નો જેવા કે રોજગાર , શિક્ષણ અને આરોગ્ય સેવાઓની સમસ્યાઓનુ નિરાકરણ લાવવામાં તેઓ અસમર્થ રહ્યા છે. આ ઉપરાંત ધારાસભ્યોની સરકાર સાથે સંકલનની અછત અને વિકાસના કામો માટે ભંડોળ લાવવામાં અણઆવડત એ પણ એક મોટો મુદ્દો છે, ગુજરાતના મતદારો જેમણે ભાજપને લાંબા સમયથી સમર્થન આપ્યુ છે. હવે પોતાના ધારાસભ્યોની નિષ્ક્રિયતાથી નિરાશ થઈ રહ્યા છે. ઘણા મતવિસ્તારોમાં ધારાસભ્યોની ગેરહાજરી અને પ્રજા સાથેનો સંપર્ક ન રાખવાની ફરીયાદો બહાર આવી રહી છે. આના કારણે ભાજપની જનસમર્થનની પાયાની શકિત નબળી પડી રહી છે. ખાસ કરીને યુવા મતદારો અને ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં અસંતોષ વધી રહ્યો છે. જે ભાજપ માટે ભવિષ્યમાં પડકારરૂપ સાબિત થઈ શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ગુજરાત ભાજપને મજબુત કરવા માટે વારંવાર પ્રયાસો કર્યા છે. વડાપ્રધાન મોદીના આદર્શ વ્યકિતત્વ અને શાહની રાજનૈતિક ચાણકય નીતી ગુજરાતના રાજકારણમાં ભાજપની સફળતાનુ મુખ્ય કારણ રહી છે, પરંતુ હાલ તો રાજયના સ્થાનિક નેતૃત્વની નબળાઈ અને સંગઠનની આંતરીક સમસ્યાઓને કારણે તેમના પ્રયાસો પર પાણી ફેરવાઈ રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાની વ્યસ્તતા વચ્ચે સતત ગુજરાતની મુલાકાતો દરમિયાન સંગઠનને મજબુત કરવા અને આંતરીક વિવાદોને ઉકેલવા માટે ઘણા પગલા લીધા છે પરંતુ આ પ્રયાસોનુ પુર્ણ પરીણામ મળ્યુ નથી, રાજયના નેતાઓ અને ધારાસભ્યોની નિષ્ક્રિયતા અને અક્ષમતાને કારણે વડાપ્રધાન મોદી અને શાહ ની છબી પર પણ અસર પડી રહી છે. ગુજરાતના મતદારો જેમને મોદીને આદર્શ નેતા તરીકે જોયા છે. હવે રાજયના નેતૃત્વની નિષ્ફળતાઓને કારણે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. ગુજરાત ભાજપ આજે એક નાજુક તબકકામાંથી પસાર થઈ રહ્યુ છે. ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલના નેતૃત્વ હેઠળ સંગઠનની કથળેલી સ્થિતિ, મંત્રીઓની નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારના આરોપો તેમજ ધારાસભ્યોની અક્ષમતાએ પક્ષની છબીને નુકશાન પહોચાડયુ છે. વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહના પ્રયાસો છતાં રાજયનુ નેતૃત્વ આ પડકારોનો સામનો કરવામાં નિષ્ફળ જણાઈ રહ્યુ છે.

# સાબરકાંઠા કોંગ્રેસ વોટ ચોરીના મુદ્દે જિલ્લો ગજવશે: આજે ૩૧ ઓગસ્ટે અમદાવાદમાં યોજાશે વિરોધ પ્રદર્શન

### તા.૩ થી ૮ સપ્ટે. દરમિયાન જિલ્લાના ગામડાઓમાં સંમેલનો સાથે વોટ ચોર ગદ્દી છોડ અભિયાનને લઈ ગ્રામજનોને જાગૃત કરવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ભાજપ સરકાર સામે વોટ ચોરીનુ અભિયાન છેડયુ છે જેને લઈને દેશભરમાં વોટ ચોરી મુદ્દે કોંગ્રેસ વિરોધ પ્રદર્શન કરી રહ્યુ છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ કોંગ્રેસ દ્વારા જિલ્લાભરમાં વોટ ચોરીનો મુદ્દો આગામી તા. ૩ સપ્ટેમ્બર ૮ સપ્ટેમ્બર સુધી ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને વોટ ચોર ગાદી છોડને લઈ જાગૃત કરવામાં આવશે તેવુ હિંમતનગર ખાતે આયોજીત પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામસિંહ સોલંકીએ જણાવ્યુ હતું.

હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં જિલ્લા પ્રમુખ રામસિંહ સોલંકીએ જણાવ્યુ હતુ કે ૪૦ જેટલી લોકસભા બેઠક પર ખુબ જ ઓછા માર્જીનથી કોંગ્રેસની હાર થઈ છે જે અંગે તપાસ કરતા વોટ ચોરીની આશંકા પ્રવર્તી રહી છે ત્યારે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ છેડેલા વોટ ચોરી અભિયાનને સાબરકાંઠા કોંગ્રેસ પણ ગામડે ગામડે આ અભિયાનને લઈ જશે અને ગ્રામજનોને જાગૃત કરવામાં આવશે. આ અંગે કોંગ્રેસ તાલુકા મથકોએ વોટ ચોરી અને સ્થાનિક પ્રશ્નોને લઈને આંદોલન છેડશે, વધુમાં તેમણે ૩૧ ઓગસ્ટે અમદાવાદ ખાતે યોજાનાર વિરોધ પ્રદર્શનને સફળ બનાવવા કાર્યકરોને આહવાન કર્યુ હતું. પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા મહામંત્રી ગજેન્દ્રસિંહ રહેવર, ઈન્દ્રાણ મલેક, પૂર્વ ઉમેદવાર બેચરસિંહ રાઠોડ, જિલ્લા સંગઠન મહામંત્રી પ્રિયવદન પટેલ, મુકેશ પરમાર, કુમાર ભાટ, મુકેશ પટેલ સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




# હવે લીકર પરમીશન ઓનલાઈન મળી રહેશે: હવે નશાબંધી કચેરીમાં પરમીશન માટે ધકકા ખાવા પડશે નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

હવે તમારે જો લીકર ની પરમીશન જોઈતી હશે તો નશાબંધી અને આબકારી વિભાગની કચેરીએ ધકકા ખાવા નહી પડે, હવે નશાબંધી ખાતાએ લીકર પરમીટ ઓનલાઈન જ મળી જશે તેવી જાહેરાત કરી છે.



લીકર પરમીટ હવે ઓનલાઈન આપવામાં આવશે , જાહેરાત મુજબ પ્રારંભીક તબકકે ટુરીસ્ટ પરવાના અને ઈથેનોલ પરવાના ઓનલાઈન કરવામાં આવ્યા છે. તેમને ૫ તબકકામાં ઓનલાઈન પરમીશન મળશે, નશાબંધી ખાતાએ ચાલુ વર્ષના અંત સુધી મોટા ભાગની પરમીશન ઓનલાઈન કરવા આયોજન કર્યુ છે.

એક અંદાજ મુજબ વરસે ૫૦ હજાર જેટલા પરવાના અલગ અલગ કેટેગરીમાં આપવામાં આવ્યા છે. જો તમારે લીકર પરમીશન જોઈતુ હોય તો https://eps. gujarat.gov.in વેબસાઈટ પર જવુ પડશે અને ત્યારબાદ પહેલા તમારે લોગઈન આઈડી જનરેટ કરવો પડશે. ત્યારબાદ વિગતો ભરી ડોકયુમેન્ટ્સ અપલોડ કરવાના રહેશે. છેલ્લે તમારી ફી પણ ઓનલાઈન ભરવી પડશે. અત્યાર સુધી નશાબંધી અને આબકારી વિભાગમાં કોઈપણ પરવાનો મેળવવાનો હોય તો ઓફલાઈન પ્રક્રિયા હતી અને લોકોએ રૂબરૂમાં જવુ પડતુ હતું. પણ હવે ઓનલાઈન પ્રકીયા શરૂ કરી દેવામાં આવી છે અને ડીસેમ્બર સુધીમાં તો તમામ પરવાના ઓનલાઈન જ તમને મળી જશે. સૌ પહેલા નશાબંધી અને આબકારી કચેરીના તમામ કામો અને લાયસન્સ ફોર્મની પ્રક્રિયા ઓનસાઈન કરાતી હતી અને ત્યારબાદ ઈ પ્રોહીબીશન પેમેન્ટ પોર્ટલ પર તમામ પરવાના મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઓનલાઈન જેટલી પણ અરજી આવશે તેનો નિકાલ ૧૦ દિવસ માં કરી દેવાની સુચના અપાઈ છે.

# ગુજરાતમાં એક વ્યકિતના અનેક વોટ છે : કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ વોટ ચોરીને લઈ કર્યો સૌથી મોટો આક્ષેપ

### ભાજપના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ ખુદ વોટ ચોરી કરીને જીત્યા હોવાનો ચાવડાનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને વોટ ચોરીનો ગંભીર આક્ષેપ કર્યો હતો. અમિત ચાવડાએ કહ્યુ હતુ કે બંધારણે સૌ નાગરીકોને સમાનતાનો અધિકાર આપ્યો છે. એક વ્યકિત ને એક વોટ નો અધિકાર આપ્યો છે, જે વડાપ્રધાન હોય કે ખેડુત હોય જે તમામ માટે એક મતનો જ અધિકાર છે,




ગુજરાતમાં એક વ્યકિતના અનેક વોટ છે, તેમણે કહ્યુ હતુ કે રાહુલ ગાંધીએ જે રીતે સમગ્ર દેશમાં વોટ ચોરીના ષડયંત્રને ખુલ્લુ પાડયુ છે. ત્યારે ગુજરાતના એક એક નાગરીકને સવાલ થઈ રહ્યો છે કે કયાંક સાચા મતદારોની જગ્યાએ ખોટા મતદારો વધી તો નથી ગયા ને? આ મતદારોની ચકાસણી કરવી તે એક એક ગુજરાતીના મનમાં છે, વધુમા કહ્યુ કે જે રીતે અમે ગુજરાતની મતદાર યાદીની ચકાસણીની શરૂઆત કરી ત્યારે શંકાસ્પદ મતદાર યાદી ધ્યાને આવી છે, જે મુજબ ગુજરાતમાં એક વ્યકિતના અનેક વોટ છે, તેવી સ્થિતિ અને તંત્ર ચાલી રહ્યુ છે. લોકશાહી ખતરામાં છે, અમિત ચાવડાએ કહ્યુ કે મતદાર યાદી લોકશાહીનો મુળ પાયો અને આધાર છે. જે આધારને ખતમ કરવામાં આવે ત્યારે ચોકકસ કહી શકાય કે લોકશાહી ખતરામાં છે. વધુમાં તેમણે કહ્યુ કે આ મતદાર યાદીની ચકાસણી કરતા એટલુ ચોકકસ થી કહી શકાય કે અનેક જગ્યાએ સાચા મતદારોની સરખામણીમાં ભુતિયા મતદારો અનેક ઘણા વધારે જોવા મળે છે. આખા ગુજરાતની મતદાર યાદી ચકાસવાનો વિચાર કર્યો અને તેની શરૂઆત એક લોકસભા અને વિધાનસભાથી શરૂઆત કરી છે. ૩૦ હજાર થી વધારે મતદારો ભુતિયા જોવા મળ્યા. વધુમાં કહ્યુ કે આખા ગુજરાતમાં એક વ્યકિત અનેક વોટ આપે છે, આ વોટોની ચોરી કરવાવાળુ કોણ છે ?

અમે સૌથી પહેલા સીઆર પાટીલના સંસદીય મતવિસ્તાર નવસારી લોકસભામાં સમાવેશી ૧૬૮ ચોર્યાસી વિધાનસભાની મતદાર યાદીની ચકાસણી કરી છે. આ ચકાસણીમાં વિગતો બહાર આવી છે. જે ખુબ ચોંકાવનારી છે. ચોર્યાસી વિધાનસભામાં કુલ મતદારો ૬,૦૯,૫૯૩ છે. જેમાં અમે ૪૦ ટકા મતદારોની ચકાસણી પુર્ણ કરી છે. એટલે કે ૨,૪૦,૦૦૦ મતદારોની ચકાસણી કરી છે, જેમાંથી ૩૦ હજાર થી વધુ મતદારો ડુપ્લીકેટ, ફર્જી અને ભુતિયા તેમજ શંકાસ્પદ જોવા મળ્યા છે.

# ગુજરાત હાઈકોર્ટના વકીલોની હડતાળ સમેટાઈ: ૩ દિવસમાં ૨૦ હજાર કેસોને સીધી અસર થઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ સંદીપ એન. ભટ્ટની મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં બદલીની સુપ્રિમ કોર્ટ કોલેજીયમની ભલામણો સામે વકીલોની હડતાળ સમેટાઈ ગઈ છે,

સોમવારથી ગુજરાત હાઈકોર્ટ રાબેતા મુજબ કાર્યરત થશે. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસીએશને ૩ દિવસ સુધી કામકાજથી અળગા રહી હડતાળ પાડી હતી. જેના કારણે લગભગ ૨૦ હજાર થી વધુ કેસો પર સીધી અસર પડી હતી. ગુજરાત હાઈકોર્ટના જજ સંદીપ ભટ્ટની બદલીની ભલામણ બાબતે ગુજરાત હાઈકોર્ટના વકીલોએ વિરોધ દર્શાવી હડતાળ ઉપર ઉતર્યા હતા. સુપ્રિમ કોર્ટ કોલેજીયમ દ્વારા જજ ની બદલીની ભલામણ થતા ગુજરાત હાઈકોર્ટના વકીલોએ કામકાજથી અળગા રહ્યા હતા. એસોસીએશનના પ્રતિનિધિ મંડળે ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયા બી આર ગવઈ અને કોલેજીયમને રજુઆત કરી હતી. જસ્ટીસ ભટ્ટની બદલી રદ કરવાની માંગ કરી હતી, કોલેજીયમે ૧૪ જજો ની બદલીની ભલામણ કરી હતી, જેમાંથી ૧૧ જજોની બદલીઓ સામે દેશભરમાં વિરોધ થયો હતો, હવે આ મામલે આગામી નિર્ણય સુપ્રિમ કોર્ટ લેશે.




# અન્ન નાગરીક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડ ધારકોને હવે ચોખા ૩ કિલોના બદલે ૧ કિલો મળશે જયારે ૨ કિલો બાજરી મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના અન્ન નાગરીક પુરવઠા વિભાગ દ્વારા મીલેટ ફુડ ને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સપ્ટેમ્બર મહિનાથી ફરી રેશનકાર્ડ ધારકોને ૨ કિલો બાજરીનુ વિતરણ કરવામાં આવશે. આ માટે રેશનકાર્ડ ધારકોને દર મહિને ૩ કિલો ચોખા મળતા હતા તે ઘટાડીને ૧ કિલો કરી નાખવામાં આવ્યા છે. તેના કારણે ગુજરાતી પરીવારોમાં ચોખાનો ઉપયોગ વધુ થતો હોવાથી અનેક પરીવારોને સમસ્યા સર્જાઈ શકે છે.


અન્ન નાગરીક પુરવઠા વિભાગ દ્વારા સમયાંતરે અનાજ વિતરણમાં ફેરફાર કરી નાખવામાં આવે છે. નેશનલ ફુડ સીકયુરીટી એકટ હેઠળ રેશનકાર્ડ ધારકોને ૨ કિલો ઘઉ, ૨ કિલો બાજરી અને ૧ કિલો ચોખા આપવામાં આવશે. ગુજરાતી પરીવારમાં સામાન્ય રીતે શિયાળામાં બાજરીનો રોટલો કે તેના ઉપયોગથી અન્ય ખાદ્ય ચીજવસ્તુઓ બનાવાતી હોય છે, જો કે ગત શિયાળા દરમિયાન બાજરી અપાઈ ન હતી, હવે ચોમાસામાં બાજરી આપવાની શરૂઆત કરાશે , તો ચોખાનો ઉપયોગ મહત્તમ ખીચડી / ભાત વિગેરે માટે થતો હોય છે, ત્યારે તે ૩ કિલોને બદલે હવે ૧ કિલો જ આપવામાં આવશે. જેથી ચોખાનો વધુ વપરાશ છે તેવા પરીવારની જરૂરીયાત પુરી કરવા ચોખા ખુલ્લા બજારમાંથી લાવવા પડી શકે છે. તો બીજી તરફ રેશનકાર્ડના દુકાનદારોને સપ્ટેમ્બર મહિના માટેનો જથ્થો લેવા માટે જરૂરી ઓનલાઈન ચલણ ભરવા તંત્રના અધિકારીઓ દ્વારા તાકીદ કરવામાં આવી રહી છે.



### ૭૬મા વન મહોત્સવની ઉજવણી ખેડા જિલ્લાના ગળતેશ્વરમાં

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે ગળતેશ્વર મહાદેવના દર્શન કરીને જનસુખાકારી માટે પ્રાર્થના કરી

### મુખ્યમંત્રીશ્રી પૌરાણિક મંદિરના સ્થાપત્યને નિહાળીને ગાલ્વ ઋષિના માહત્મ્યથી પરિચિત થયા





૭૬મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત ખેડા જિલ્લાના ગળતેશ્વરમાં નિર્માણ પામેલા રાજ્યના ૨૪માં સાંસ્કૃતિક વનના લોકાર્પણ માટે ખેડા જિલ્લામાં પધારેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરનાલ ગામ સ્થિત ગળતેશ્વર મંદિરમાં મહાદેવના પૂજા અર્ચન કરીને રાજયની જનસુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

ઠાસરા તાલુકાના સરનાલ ગામ પાસે મહિસાગર અને ગળતી નદીના સંગમ સ્થાન ઉપર આવેલા પૌરાણિક ગળતેશ્વર મહાદેવના પૂજન અર્ચન બાદ મુખ્યમંત્રીશ્રીએ મંદિરની પરિક્રમા કરી હતી. તેમણે આ પૌરાણિક મંદિરના સ્થાપત્યને નિહાળ્યુ હતુ અને ગાલ્વ ઋષિના માહત્મ્યથી પરિચિત થયા હતા.

આ તકે મુખ્યમંત્રીનીશ્રી સાથે સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, પંચમહાલના સાંસદ શ્રી રાજપાલ સિંહ જાદવ, ઠાસરાના ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, પોલીસ અધિક્ષક શ્રી વિજય પટેલ, વન સંરક્ષક શ્રી મિતલબેન સાવંત અને શ્રી આનંદકુમાર ઉપસ્થિત અને અગ્રણી શ્રી નયનાબેન પટેલ સહભાગી બન્યા હતા.

# સુરતના બારડોલીમાં મુસાફરોથી ભરેલી ST બસે પલટી મારી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના બારડોલીમાં ST બસે પલટી મારી હોવાની વાત સામે આવી છે, મુસાફરોથી ભરેલી એસટી બસે પલટી મારતા મુસાફરોના જીવ તાળવે ચોટયા હતા અને લોકો બસમાથી બહાર કાચ તોડીને નીકળવા લાગ્યા હતા, રોડની સાઈડ પર જઈને બસે પલટી મારી હતી અને બસના આગળના ભાગને પણ નુકસાન થયું છે. સુરતના બારડોલીમાં એસટી બસને અકસ્માત થયો છે, બસે અચાનક પલટી મારતા મુસાફરોના જીવ અધ્ધર થયા હતા અને બારડોલીના નાડીદા ગામ પાસે આ અકસ્માત થયો હોવાની વાત સામે આવી છે, મુસાફરોનો આક્ષેપ છે કે, બસના ડ્રાઈવરે નશો કર્યો હતો અને નશો કરીને બસ ચલાવી રહ્યો હતો. તો ઘટનાની જાણ થતા લોકોના ટોળા ઉમટયા હતા અને સ્થાનિકોએ મુસાફરોને બસની બહાર કાઢયા હતા, તો પોલીસે ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે.એસટી બસે પલટી મારી તો ડ્રાઈવર બસ મૂકીને ફરાર થઈ ગયો હતો, લોકોએ બહાર નીકળવા માટે કાચ તોડયો અને પાછળના કાચથી લોકો માલસામાન સાથે બહાર નીકળ્યા હતા, તો જે લોકો ઈજાગ્રસ્ત થયા છે તેમને સારવાર હેઠળ હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે, પોલીસે ફરાર ડ્રાઈવરને શોધવા માટે કવાયત શરૂ કરી છે, ડ્રાઈવરે નશો કર્યો છે કે નહી તે તો ઝડપાશે પછી જ ખબર પડશે, ગુજરાતમાં એસટી બસના અકસ્માત થતા રહે છે પણ બેફામ ડ્રાઈવરો મુસાફરોના જીવને જોખમમાં મૂકીને બસ હંકારતા હોય છે, ડ્રાઈવરો જરા સંભાળો અને જો નશો કરીને બસ ચલાવતા હોય તો સુધરી જજો, તમારી મજામાં બીજાના જીવ જોખમમાં ના મૂકો.